/

સ્વનિર્ભર(નોન ગ્રાન્ટેડ) શાળાઓને પ્રોત્સાહક આર્થિક સહાય આપવા અંગેના ધોરણો નિયત કરવા બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંકઃ બમશ/૧૦૧૧/૩૭(પા.ફા.-૧)/ગ
સચિવાલય, ગાંધીનગર
તા. ૧૫/03/૨૦૧૬

વંચાણે લીધાઃ- તા.૨૩/૧/૨૦૧૪ના શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંકઃબમશ/૧૦૧૧/૩૭/ગ.

**આમુખઃ-**

સંદર્ભ-૧માં ઉલ્લેખિત ઠરાવથી, રાજયમાં ચાલતી અનુદાન વગરની બિન સરકારી માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને અપાતા શિક્ષણની ગુણવત્તા, શાળાના શૈક્ષણિક સ્ટાફની લાયકાત અને શૈક્ષણિક અને ઈતર પ્રવૃત્તિઓ માટેની સુવિધામાં વધારો થાય અને એકંદરે શિક્ષણનું સ્તર સુધરે/ઊંચુ આવે તે માટે સ્વનિર્ભર માધ્યમિક શાળાઓને પ્રોત્સાહક આર્થિક સહાય મંજૂર કરવાની નીતિ નિયત કરવામાં આવેલ છે.

૨. સદર નીતિ અનુસંધાને કરેલ કાર્યવાહી પરત્વે સરકારશ્રીને કેટલીક રજૂઆતો મળેલ હતી. સદર રજૂઆતની યથાર્થતા ચકાસતાં, સંદર્ભ-૧ થી ઘડાયેલ નીતિમાં પુનઃ વિચારણા હાથ ધરવી જરૂરી જણાયેલ અને બિનઆદિજાતિ વિસ્તારની શાળાઓમાં અભ્યાસ કરતા વધુમાં વધુ જરૂરિયાતવાળા બાળકોને લાભ આપી શકાય તે હેતુથી વિચારણા કરતાં વંચાણે લીધેલ તા.૨૩/૧/૨૦૧૪ના ઠરાવથી નિયત કરાયેલ નીતિ રદ કરી સ્વનિર્ભર(નોન ગ્રાન્ટેડ) શાળાઓ માટે પ્રોત્સાહક આર્થિક સહાય આપવા અંગેના નવા ધોરણો નિયત કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવઃ-**

પુખ્ત વિચારણાના અંતે સ્વનિર્ભર (નોન ગ્રાન્ટેડ) શાળાઓને પ્રોત્સાહક આર્થિક સહાય આપવા અંગેના નવા ધોરણો આથી નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

૧. **લાભાર્થી શાળાઓ-**

આ યોજના ધોરણ-૯ તથા ધોરણ- ૧૦ના વર્ગો ધરાવતી બિનસરકારી સ્વનિર્ભર/માધ્યમિક શાળાઓને લાગુ પડશે.

૧.૨ <u>આર્થિક સહાયનું પ્રમાણઃ-</u>

આ યોજના અંતર્ગત શાળાના પાછલા શૈક્ષણિક વર્ષના ધોરણ- ૧૦ના પરિણામના આધારે લાયક ઠરેલ શાળાના ધોરણ-૯ના કુલ વિદ્યાર્થીઓને ધોરણ- ૯ પ્રથમ વર્ષ માટે અને બીજા વર્ષે ધોરણ-૧૦ માટે વિદ્યાર્થી દીઠ વાર્ષિક રૂ. ૭૫૦૦/- (સાત હજાર પાંચસો પુરા) લેખે પ્રોત્સાહક આર્થિક સહાય આ ઠરાવની શરતોને આધીન મળવાપાત્ર થશે.

૧.૩ <u>પ્રોત્સાહક આર્થિક સહાય મેળવવાપાત્ર શાળાઓ માટે સૂચિત કેટેગરી અને લાયકાતના ન્યુનતમ પાસ પર્સન્ટેજની વિગત</u>

| ક્રમાંક | સ્વનિર્ભર બિન-સરકારી માધ્યમિક શાળાઓની કેટેગરી (આદિજાતિ વિસ્તાર) | શાળાના ધોરણ-૧૦ ના પરિણામ મુજબ લાયકાતનો ન્યૂનતમ પાસ પર્સન્ટેજ |
|---|---|---|
| ૧ | આદિજાતિ તાલુકાઓની શાળાઓ | ૫૫ |

| ક્રમાંક | સ્વનિર્ભર બિન-સરકારી માધ્યમિક શાળાઓની કેટેગરી (બિનઆદિજાતિ વિસ્તાર) | શાળાના ધોરણ-૧૦ ના પરિણામ મુજબ લાયકાતનો ન્યૂનતમ પાસ પર્સન્ટેજ |
|---|---|---|
| ૧. | ૫૦ ટકાથી વધુ અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ ધરાવતી શાળાઓ | ૫૫ |
| ૨ | ૫૦ ટકાથી વધુ અનુસૂચિત જન જાતિના વિદ્યાર્થીઓ ધરાવતી શાળાઓ | ૬૦ |
| 3 | માત્ર કન્યા શાળાઓ | ૬૫ |
| ૪ | ૬૫ ટકાથી વધુ સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગના વિદ્યાર્થીઓ ધરાવતી શાળાઓ | ૬૫ |
| ૫ | શૈક્ષણિક પછાત તાલુકાઓની શાળાઓ | ૬૫ |
| ૬ | અન્ય શાળાઓ | ૭૫ |

આ યોજના વર્ષ-૨૦૧૫-૧૬ થી અમલમાં આવશે જેમાં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાતી ધોરણ-૧૦ના પાછલા શૈક્ષણિક વર્ષની (વર્ષ-૨૦૧૪-૧૫) પરિક્ષાના પરિણામને લાયકાતનું ધોરણ ગણવામાં આવશે. આ શાળાઓ પૈકી જે શાળાઓ ઉપરના ટેબલથી નિયત કરાયેલ ન્યૂનતમ પાસ પર્સન્ટેજ લાયકાત ધરાવતી હોય તેવી શાળાઓને, બજેટની

જોગવાઇની મર્યાદામાં અને ફકરા નં. ૪ અને ૫ તથા પરિશિષ્ટ-૧ અને ૨માં દર્શાવેલ તમામ શરતો શરતોને આધીન પ્રોત્સાહક આર્થિક સહાય ફાળવવાની રહેશે.

<u>**એક વખત પસંદગી પાત્ર ઠરેલ શાળાને આ યોજના હેઠળ મળવાપાત્ર લાભ ઓછામાં ઓછા બે વર્ષ સુધી મળવાપાત્ર રહેશે**</u>. અને ત્યારબાદ આ શાળા જે તે વર્ષમાં કરાયેલ બજેટની જોગવાઇની મર્યાદામાં તેમની કેટેગરીમાં નિયત થતા મેરીટ (ન્યૂનતમ પાસ પર્સન્ટેજ કે તેથી વધુ) માં આવે તો તેવી શાળાઓને આર્થિક પ્રોત્સાહક યોજનાનો લાભ ચાલુ રહેશે, અને જો મેરીટ મુજબનું પરિણામ ન આવે તો, જ્યાં સુધી તે શાળાનું સળંગ બે વર્ષનું ધોરણ-૧૦નું પરિણામ, ઉપર નિયત કરાયેલ જે તે કેટેગરીના, જે તે વર્ષ માટે લાયકાતના ન્યુનતમ પાસ પર્સન્ટેજ કે તેથી વધારે ન આવે ત્યાં સુધી, તે શાળાને આર્થિક પ્રોત્સાહક સહાય યોજનાનો જાહેર થયેલ લાભ પુન: મળવાપાત્ર થશે નહીં.

૧.૪ <u>પ્રોત્સાહનની રકમની ચૂકવણીની વિગત:-</u>

(A) પ્રથમ વર્ષે પ્રોત્સાહક અર્થિક સહાય માત્ર ધોરણ ૯ માટે આપવામાં આવશે.

(B) પ્રથમ વર્ષે મળવાપાત્ર પ્રોત્સાહક આર્થિક સહાય પૈકીની ૪૦% સહાય જુલાઇ માસમાં અને મળવાપાત્ર સહાય પૈકીની ૪૦% સહાય ડિસેમ્બર માસમાં આપવાની રહેશે. <u>(ધોરણ ૯ માં વિદ્યાર્થીઓ ની સંખ્યા × રૂપિયા ૭૫૦૦ × ૦.૪૦)</u>

(C) દ્વિતીય વર્ષે ન્યૂનતમ પાસ પર્સન્ટેજ ધરાવતી લાભાર્થી શાળાઓને પ્રોત્સાહક અર્થિક સહાય ધોરણ ૯(નવા) અને ધોરણ ૧૦ (અગાઉના વર્ષના ધોરણ- ૯) માટે આપવામાં આવશે. જો લાભાર્થી શાળાઓ ન્યૂનતમ પાસ પર્સન્ટેજ ન મેળવી શકે તો તેઓને પ્રોત્સાહક આર્થિક સહાય ફકત ધોરણ ૧૦(અગાઉના વર્ષના ધોરણ ૯) માટે આપવામાં આવશે.

(D) દ્વિતીય વર્ષે મળવાપાત્ર પ્રોત્સાહક આર્થિક સહાય પૈકીની ૪૦% જુલાઇ માસમાં અને મળવાપાત્ર સહાય પૈકીની ૪૦% ડિસેમ્બર માસમાં આપવાની રહેશે.

(E) દ્વિતીય વર્ષે ધોરણ ૧૦ ના પરિણામ, જો તે વર્ષ માટેના ન્યૂનતમ પાસ પર્સન્ટેજ કે તેથી વધુ આવે તો જ બાકીની સહાય મળવાપાત્ર રહેશે. જેની ગણતરી ધોરણ- ૧૦ના પરિણામ આધારે નીચે મુજબ રહેશે.

| |
|---|
| **બાકીની ચુકવવાપાત્ર સહાય (૫ મો હપ્તો) = શાળાના ધોરણ-૧૦ની બોર્ડની પરીક્ષામાં બેઠેલ વિદ્યાર્થીઓની સંખ્યા x ફકરા નં 3.3.પ્રમાણે મળવાપાત્ર ધોરણ – (બાદ) ૧.૪ (B) તથા ૧.૪ (D) મુજબ ચુકવેલ રકમ** |

૨. <u>પસંદગીના ધોરણો:-</u>

(૨.૧) સદર પ્રોત્સાહક યોજના વર્ષ-૨૦૧૫-૧૬થી લાગુ પડશે. જે શાળાઓ આ યોજનાનો લાભ લેવા માંગતી હોય તેઓએ જાહેરાત પ્રસિધ્ધ થયેથી અરજી કરવાની રહેશે.

(૨.૨) પ્રથમ વર્ષે એટલે કે વર્ષ ૨૦૧૫-૧૬માં ધોરણ-૯માં પ્રવેશ આપેલ વિદ્યાર્થી સંખ્યાના આધારે પ્રોત્સાહક આર્થિક સહાય મળવાપાત્ર થશે જેના માટે આધાર તરીકે વર્ષ-૨૦૧૫નું ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડનું ધોરણ-૧૦નું પરિણામ ધ્યાને લેવાનું રહેશે. આ પ્રવેશ પામેલ વિદ્યાર્થીઓ પૈકી જે વિદ્યાર્થીઓ ધોરણ-૧૦માં પ્રવેશ મેળવે તે સંખ્યા ધ્યાને રાખી બીજા વર્ષમાં પ્રોત્સાહક આર્થિક સહાય મળવાપાત્ર થશે.

(૨.3) શાળાએ સદર સહાય યોજનામાં દાખલ થતી વખતે આ ઠરાવથી નિયત થયેલ ન્યૂનતમ પાસ પર્સન્ટેજ લાયકાતનું ધોરણ જાળવી રાખવાનું રહેશે કે તેમાં વધારો થાય તે જોવાનું રહેશે. જો ક્રમાંક: ૧.3માં દર્શાવેલ જે તે વર્ષના શાળાના ધોરણ-૧૦ના પરિણામ મુજબ ન્યુનતમ પાસ પર્સન્ટેજથી ઓછું પરિણામ આવશે તો આ યોજનામાંથી શાળા આપોઆપ બાકાત થયેલી ગણાશે અને બાકીની સહાય (પાંચમો હપ્તો) મળવાપાત્ર થશે નહીં. સંસ્થાને અગાઉ ચાર હપ્તામાં ચૂકવેલ પ્રોત્સાહક આર્થિક સહાય ની વસુલાત કરવામાં આવશે નહીં. આવી રીતે બાકાત થયેલ શાળા જો સળંગ બે વર્ષ સુધી જે તે વર્ષના ન્યૂનતમ પાસ પર્સન્ટેજ કે તેથી વધુ પરિણામ લાવશે તો જ આ યોજનાનો લાભ પુન: મેળવવા પાત્ર ઠરશે.

(૨.૪) બિન સરકારી સ્વનિર્ભર શાળાઓને પ્રોત્સાહક આર્થિક સહાય આપવા ક્રમાંક ૧.3 માં આર્થિક સહાય મેળવવાપાત્ર શાળાઓ માટે દર્શાવેલ કેટેગરી માટેની બજેટની પ્રવર્તમાન જોગવાઈની મર્યાદામાં નિયત થયેલ પસંદગીના ધોરણો મુજબની પાત્રતા ધરાવતી શાળાઓ કે, જેઓના ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાતી ધોરણ-૧૦ની પરીક્ષાના પાછલા વર્ષના પરિણામના ઉતરતા ક્રમમાં પસંદગી યાદી બનાવવાની રહેશે.

(૨.૫) બજેટ જોગવાઇની મર્યાદામાં, ચુકવવાપાત્ર સહાય, શાળાઓની પસંદગી ફકરા નં. ૧.3 માં દર્શાવેલ, ક્રમ 3 થી ૬ કેટેગરી ઉતરતા ક્રમે અને જે તે કેટેગરીમા ઉતરતા પાસ પર્સન્ટેજ મુજબ, રહેશે. કુલ બજેટ જોગવાઇના ઓછામાં ઓછા ૨૦% સહાય ક્રમ -૬ (અન્ય શાળાઓ) માટે રહેશે.

3. <u>આ યોજનામાં સારા પરિણામ લાવતી શાળા માટે વિશેષ પ્રોત્સાહન અંગેનું ધોરણઃ-</u>

(3.૧) ફકરા-૧.૩માં દર્શાવ્યા મુજબ નિયત કરેલ ન્યૂનતમ પાસ પર્સન્ટેજ કરતાં શાળાના પાસ પર્સન્ટેજના તથા ૧૦૦ ટકાના વચ્ચેના તફાવતના ૧/૩ સુધીના વધારે સારૂ પરિણામ આવે તો ૧૦૦% (પ્રતિ વિદ્યાર્થી દિઠ વાર્ષિક રૂ.૭૫૦૦/-) સહાય ચુકવવાની રહેશે તથા તે ઉપરાંત વધારાની ૨% (બે ટકા) સહાય ચૂકવવાની રહેશે.

(3.૨) તેજ રીતે ૧/૩ થી ૨/૩ વધારે સારુ પરિણામ આવે તો ૧૦૦% + ૫% એ જ રીતે ૨/૩ થી વધુ પરંતુ ૧૦૦% થી ઓછું પરિણામ વધુ સારુ આવે તો ૧૦૦%+ ૭% અને

(3.3) ૧૦૦% પરિણામ આવે તો ૧૦૦%+૧૦% વધારાની સહાય ચુકવવાની રહેશે.
દા.ત. જો ન્યૂનતમ પાસ પર્સન્ટેજ ૫૫ ટકા નકકી કરવામાં આવે તો
૧૦૦-૫૫ = ૪૫ તેથી ૪૫ ના ૧/૩ =૧૫, ૪૫ ના ૨/૩ = 30

| ક્રમ | શાળાનું પરિણામ | મળવાપાત્ર ગ્રાન્ટ (ધોરણ) |
|---|---|---|
| ૧. | ૫૫ % | ૧૦૦ % ( રૂ. ૭૫૦૦ પ્રતિ વિધ્યાર્થી પ્રતિ વર્ષ) |
| ૨. | ૫૫ % થી વધુ પરંતુ ૭૦ % સુધી | ૧૦૦ % + ૨ % |
| 3. | ૭૦ % થી વધુ પરંતુ ૮૫ % થી ઓછુ | ૧૦૦ % + ૫ % |
| ૪. | ૮૫ % થી વધુ પરંતુ ૧૦૦ % થી ઓછુ | ૧૦૦ % + ૭% |
| ૫ | ૧૦૦ % | ૧૦૦ % + ૧૦% |

૪. **પ્રસ્તુત યોજનાનો લાભ આપવા માટે નીચેની શરતો પણ લાગુ પાડવાની રહેશે.**

(૪.૧) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માન્યતા મળ્યા બાદ માધ્યમિક શાળા ઓછામાં ઓછા પાંચ વર્ષથી ચાલતી હોવી જોઇએ.

(૪.૨) સ્વનિર્ભર શાળાઓના શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓ, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ વિનિયમ-૧૯૭૪ મુજબની શૈક્ષણિક લાયકાત ધરાવતા હોવા જોઇએ તેમજ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ વિનિયમો મુજબ વિષયવાર શિક્ષકોની નિમણૂક કરવાની રહેશે અને શાળામાં નિયત આંતર માળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ હોવી જોઇએ.

(૪.3) પ્રોત્સાહક આર્થિક સહાય માટે મંજૂર થયેલ શાળાના માધ્યમિક વિભાગના જે તે ધોરણના બધા વર્ગો આ યોજનામાં આવરી લેવામાં આવશે. જેમકે ચાલુ શાળામાં હાલ ધો.૯ ના ત્રણ

વર્ગ ચાલતા હોય તો શાળાની આ યોજનામાં પસંદગી થયે ત્રણેય વર્ગોને આ મળવાપાત્ર થશે.

(૪.૪) રાજય સરકાર ધ્વારા નિયત કરેલ ધોરણો મુજબની વિદ્યાર્થી સંખ્યા મુજબના વર્ગો ચલાવવાના રહેશે.

(૪.૫) સ્વનિર્ભર માધ્યમિક શાળા અને આ ઠરાવ હેઠળ પ્રોત્સાહક આર્થિક સહાય મેળવતી શાળાના એક જ પ્રકારના વર્ગો એક જ મકાનમાં એક સાથે ચલાવી શકશે નહી. દા.ત. જો શાળાને ધોરણ-૯ ને પ્રોત્સાહક આર્થિક સહાય યોજનામાં આવરી લેવામાં આવ્યા હોય તો તે શાળામાં સ્વનિર્ભર ધોરણે, નવમા ધોરણના વર્ગો ચલાવી શકાશે નહિ.

(૪.૬) આ યોજના હેઠળ પ્રોત્સાહક સહાય મેળવવા ઇચ્છતી શાળાઓ તરફથી કમિશનરશ્રી, શાળાઓની કચેરી ધ્વારા વર્તમાનપત્રોમાં જાહેરાત આપી અરજીઓ મેળવવામાં આવશે. પસંદ કરવામાં આવેલ શાળાઓની આખરી યાદી તૈયાર કરી તે અંગે રાજય સરકારની મંજૂરી મેળવીને કમિશનરશ્રી શાળાઓની કચેરીએ તે અંગેના હુકમો કરવાના રહેશે.

(૪.૭) વર્ષ ૨૦૧૫-૧૬ માટે શાળાઓની પસંદગી માટે વર્ષ ૨૦૧૪-૧૫ના પરિણામ ધ્યાનમાં લેવામાં આવશે. ત્યાર બાદના વર્ષોની મંજૂરી માટે પણ આવી જ પ્રક્રિયા અપનાવવાની રહેશે.

(૪.૮) શાળા વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા માટે કોઇ પ્રવેશ પરીક્ષા રાખી શકાશે નહિ. શાળા ધ્વારા કોઇ વિદ્યાર્થીને મેરીટ સિવાયના કારણોસર પ્રવેશ આપવાનો ઈન્કાર કરેલ હોવાનું ધ્યાનમાં આવે તેવા કિસ્સામાં જિલ્લા શિક્ષણાધિકારી તે વિદ્યાર્થીને પ્રવેશ આપવા જણાવે તો તેને તે શાળાએ પ્રવેશ આપવો પડશે. પ્રવેશ માટે માત્ર શાળા છોડયાનું પ્રમાણપત્ર વિદ્યાર્થીએ આપવાનું રહેશે.

(૪.૯) આ સ્વનિર્ભર માધ્યમિક શાળાઓ ઠરાવના પરિશિષ્ટ-૧ થી નિયત કરેલ ધોરણે માત્ર સત્ર ફી અને પ્રવેશ ફી લઇ શકશે. આ સિવાયની અન્ય કોઇપણ પ્રકારની ફી કે ડીપોઝીટ પેટે કે ડેવલોપમેન્ટ ચાર્જ કે અન્ય રીતે કોઇ પણ રકમ વિદ્યાર્થી પાસેથી લઇ શકાશે નહિ.

(૪.૧૦) આ ઠરાવના પરિશિષ્ટ-૨ થી નિયત કરેલ આદર્શ આચાર સંહિતાનું પાલન કરવાનું રહેશે અને આવી આદર્શ આચારસંહિતાના ભંગ બદલ આ પરિશિષ્ઠમાં દર્શાવેલ વિગતે કાર્યવાહી કરી શકાશે.

૫. <u>પ્રોત્સાહક આર્થિક સહાયની યોજના માટેની અન્ય શરતોઃ-</u>

(૫.૧) આ યોજના હેઠળ આર્થિક સહાય મેળવતી શાળાઓ કોઇપણ સેલ્ફ ફાયનાન્સ વર્ગો પ્રાઇવેટ ટયુશન કે પ્રતિભાલક્ષી પ્રાઇવેટ કોર્સ કે જેમાં ફી લેવામાં આવતી હોય તેવી કોઇપણ પ્રકારની પ્રવૃત્તિઓ કરી શકાશે નહિ. યોજનામાં સામેલ થતા પહેલાં તેમણે આ અંગે બાંહેધરી આપવી પડશે. આ શરત રાજય સરકારની ગુજરાત નોલેજ સોસાયટી કે સ્કોપ સંસ્થા તરફથી ચલાવવામાં આવતા કોર્સો પુરતી લાગુ પડશે નહિ.

(૫.૨) આ યોજના હેઠળ આવરી લેવામાં આવતા વિદ્યાર્થીઓની વિગતો અને તેમના ફોટા જે તે શૈક્ષણિક વર્ષના સપ્ટેમ્બર માસ સુધીમાં શાળાઓએ, કમિશનરશ્રી શાળાઓની વેબસાઇટ ઉપર અપલોડ કરવાની રહેશે.

(૫.૩) શાળામાં વિદ્યાર્થીઓની હાજરી અંગે કમિશનરશ્રી શાળાઓની કચેરી દ્વારા ખરાઇ કરવાની રહેશે.

(૫.૪) શાળાના શૈક્ષણિક તથા બિનશૈક્ષણિક કર્મચારીઓ ઉપર જે તે શાળાના સંચાલક મંડળનું નિયંત્રણ રહેશે અને સરકારી કે ગ્રાન્ટેડ માધ્યમિક શાળાના કર્મચારીઓને મળતા પગાર સહિતના કોઇપણ નાણાકીય કે અન્ય લાભ મેળવવા તેઓ હકકદાર રહેશે નહિ. આ અંગેના કોઇપણ કોર્ટ કેસમાં રાજય સરકારને પક્ષકાર બનાવી શકાશે નહિ.

(૫.૫) શાળાના ઈન્ફ્રાસ્ટ્રકચર તથા અન્ય ભૌતિક સુવિધાઓ વગેરેની સંપૂર્ણ જવાબદારી શાળા સંચાલક મંડળની રહેશે. તે માટે સરકાર ધ્વારા અન્ય કોઇ પણ યોજના વિકેન્દ્રીત ફંડથી સહાય મળવાપાત્ર થશે નહિ. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ અધિનિયમ-૧૯૭૪ હેઠળના વિનિયમો તેમજ વખતો વખત થયેલ સુધારાઓ મુજબની માળખાગત સુવિધાઓ તથા ભૌતિક સુવિધાઓ વગેરેની જવાબદારી સંપૂર્ણપણે શાળા સંચાલક મંડળની રહેશે.

(૫.૬) પ્રસ્તુત યોજના હેઠળની સરકારશ્રી ધ્વારા અપાતી સહાય સંસ્થાના ન્યુનત્તમ લાયકાત તથા અન્ય ધોરણોમાં સરકારશ્રી ધ્વારા વખતો-વખત કરાતાં સુધારાને આધિન રહેશે.

૬. <u>યોજનાની અમલવારીઃ</u>-

આ યોજનાનું અમલીકરણ વર્ષ ૨૦૧૫-૧૬થી કરવાનું રહેશે.

આ હુકમો વિભાગની સરખા ક્રમાકની ફાઈલ ઉપર નાણા વિભાગની તારીખ ૧૮-૦૨-૨૦૧૬ની નોંધથી મળેલ સમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એમ.ટી.શાહ

(એમ. ટી. શાહ)
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ
ગુજરાત સરકાર

બિડાણ:પરિશિષ્ટ ૧ અને ૨

પ્રતિ,

- નામ. રાજયપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, માન. મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.

- સર્વે માન. મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે માન. રા.ક.મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી (શિક્ષણ) ના અંગત સચિવશ્રી સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (ઉ.ટે.શિ) ના અંગત સચિવશ્રી સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી, શાળાઓ, ગાંધીનગર.
- સચિવશ્રી, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
- શિક્ષણ વિભાગ હેઠળના સર્વે ખાતાના વડાઓ.
- સચિવાલયના સર્વે વિભાગો.
- મહાલેખાકારશ્રી, રાજકોટ/અમદાવાદ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રીની કચેરી, ગાંધીનગર.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- તમામ જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ. (કમિશનરશ્રી, શાળાઓ મારફત)
- એકઝામીનરશ્રી, લોકલફંડ ઓડીટ, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ. (કમિશનરશ્રી, શાળાઓ મારફત)
- સર્વે અધિકારીશ્રીઓ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય.
- નાયબ સેકશન અધિકારી,સીલેકટ ફાઇલ.
- સિલેકટ ફાઈલ

તા.૨૯/૦૨/૨૦૧૬ના ઠરાવ ક્રમાંકઃબમશ/૧૦૧૧/૩૭(પા.ફા.-૧)/ગ સાથેનું બિડાણ

## પરિશિષ્ટઃ- ૧

## પ્રોત્સાહક આર્થિક સહાય મેળવતી શાળાઓ ધ્વારા લેવાની ફીના દર

| ક્રમાંક | ધોરણ | સત્રદીઠ સત્ર ફી | પ્રવેશ ફી |
|---|---|---|---|
| ૧. | ૯ | ૧૦૦ | ૧૦૦ |
| ૨. | ૧૦ | ૧૦૦ | ૧૦૦ |

તારીખ ૨૯/૦૨/૨૦૧૬ના ઠરાવ ક્રમાંકઃબમશ/૧૦૧૧/૩૭(પા.ફા.-૧)/ગ સાથેનું બિડાણ

પરિશિષ્ટઃ- ૨

## આદર્શ આચારસંહિતા

(A) આદર્શ આચારસંહિતાઃ-

૧. વિદ્યાર્થીઓ પાસેથી શાળા ધ્વારા લેવામાં આવેલ ફીની પાકી પાવતી આપવાની રહેશે.

૨. શાળાએ લીધેલ ફી મળેલ સહાય અને દાન સામે કરેલ ખર્ચનું દર વર્ષે ઓડીટ કરાવી હિસાબો પોતાની વેબસાઇટ તેમજ વિદ્યાર્થી તથા વાલીઓની જાણકારી માટે શાળાના નોટીસ બોર્ડ ઉપર દર વર્ષે જાહેર હિતાર્થે પ્રસિદ્ધ કરવાના રહેશે.

3. શાળાઓ પ્રવેશ વખતે કોઇ વાલી પાસે ડોનેશન અથવા કોઇપણ જાતની વિકાસ ફી માગી શકશે નહિ.

૪. શાળા વિદ્યાર્થીઓના પ્રવેશ વખતે વિદ્યાર્થીઓ કે વાલીઓના મૌખિક ઈન્ટરવ્યુ લઇ શકશે નહિ.

૫. શાળાએ વિદ્યાર્થીઓના પ્રવેશ વખતે પારદર્શક પ્રવેશ પધ્ધતિ અપનાવવાની રહેશે.

૬. આ શાળામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ અન્ય સ્કુલમાં પ્રવેશ લેવા ઈચ્છતા હોય ત્યારે તેમની ઈચ્છા વિરૂધ્ધ સર્ટીફીકેટ કે અન્ય દસ્તાવેજ રોકી શકાશે નહિ.

૭. શાળામાં હાલના ફીના ધોરણની વિગત શાળાની માહિતી પુસ્તિકા (Prospectus) ધ્વારા નવા પ્રવેશ મેળવતા વિદ્યાર્થી અને વાલીઓને આપવાની રહેશે અને તે માહિતી પ્રવેશની કાર્યવાહી વખતે વેબસાઇટ, નોટીસ બોર્ડ ઉપર મુકવાની રહેશે.

૮. શાળાઓના શિક્ષકો- કર્મચારીઓ માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪ ના વિનિયમ-૨૦ અન્વયે નિયત કરેલ શૈક્ષણિક લાયકાત અને અનુભવ ધરાવતા હોવા જોઇએ.

૯. શાળાએ મેળવેલ મંજૂરી/ માન્યતા વખતે નિયત ધોરણો/નિયમોનું ચુસ્ત રીતે પાલન કરવાનું રહેશે. તેમજ રાજય સરકાર કે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ ધ્વારા વખતો વખત બહાર પાડવામાં આવેલ ધોરણો/ નિયમો પણ બંધનકર્તા રહેશે.

૧૦. શાળાઓએ વિદ્યાર્થીઓને ચોકકસ પ્રકારના પુસ્તકો, સાહિત્ય, ગણવેશ કે બુટ પોતાની સંસ્થા પાસેથી કોઇ ચોકકસ સંસ્થા કે એજન્સી પાસેથી કે ચોકકસ માર્કા કે કંપનીના ખરીદવા માટે આગ્રહ રાખી શકાશે નહિ કે ફરજ પાડી શકશે નહિ.

૧૧. સ્વનિર્ભર શાળાઓએ મંજૂર થયેલા વર્ગોમાં ગુજરાત માધ્યમિક શિક્ષણ નિયમો-૧૯૭૪ના વિનિયમની કલમ-(૧૩)(૩) પ્રમાણે વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાનો રહેશે.

૧૨. શાળાના સમય દરમિયાન અથવા ત્યાર બાદ શાળામાં કોચીંગ સેન્ટર ચલાવી શકાશે નહિ.

(B) **આદર્શ આચારસંહિતાના ભંગ બદલ કાર્યવાહીઃ-**

ઉપરોકત આચારસંહિતાના ભંગ માટે માધ્યમિક શિક્ષણ અધિનિયમ- ૧૯૭૨ અને માધ્યમિક શિક્ષણ વિનિયમ-૧૯૭૪ની આનુષાંગિક કલમ, વિનિયમનો ભંગ ગણી નીચે મુજબની કાર્યવાહી કરવામાં આવશે.

૧. જો શાળા આદર્શ આચારસંહિતા ભંગ કરે તો તેની ફરીયાદ વિદ્યાર્થી/વાલીએ સંબંધિત જિલ્લા શિક્ષણાધિકારીશ્રીને કરવાની રહેશે. જિલ્લા શિક્ષણાધિકારીએ આવી ફરીયાદની કુદરતી ન્યાયના સિધ્ધાંતને ધ્યાને રાખીને ઉભયપક્ષે કારણદર્શક નોટીસ આપી સુનાવણી કરીને સ્વયં સ્પષ્ટ અભિપ્રાય સાથે પોતાની ભલામણ સાથેનો અહેવાલ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડને મોકલવાનો રહેશે.

૨. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીના અહેવાલના આધારે નિયમોના ભંગ કરવા બદલ શાળાને કારણદર્શક નોટીસ આપી યોગ્ય દંડ કરી શકશે.

૩. જે શાળા આચારસંહિતાનો ભંગ કરવા બદલ જવાબદાર ઠરશે, તે શાળાને આ યોજના હેઠળ મળતી પ્રોત્સાહક આર્થિક સહાય બંધ કરવામાં આવશે અને / અથવા આપવામાં આવેલ સહાયની રકમની વસુલાત પણ કરી શકાશે. કમિશનરશ્રી, શાળાઓની કચેરીએ આ અંગેની કાર્યવાહી કરી તેની જાણ સરકારને કરવાની રહેશે.

૪. શાળા સામે ગંભીર ફરીયાદ હશે અને તેમાં તથ્ય જણાશે તો તે શાળા સામે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડના ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪ના વિનિયમ-૧૨(ખ) તથા વિનિયમ-૯ મુજબ શાળાની માન્યતા રદ કરવા અંગેની કાર્યવાહી કરી શકશે.

***********